# સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દક્ષિણ ગુજરાતના સત્યાગ્રહો

**પ્રા. (ડૉ.) વિજ્યા યાદવ**

**ઈતિહાસ વિભાગ,**

**સમાજવિદ્યાભવન**

**ગુજરાત યુનિવર્સીટી,**

**અમદાવાદ.**

સત્યાગ્રહ એક એવું રસાયણ હતું કે જેમાં સત્ય અને આગ્રહના મિશ્રણથી ધર્મ અને ક્રાન્તિનો રામન્વય થયો. આવા અદ્ભુત સમન્વયને લીધે એ જીવનના તમામ ક્ષેત્રોમાં પરિવર્તન લાવે એવું ચાલકબળ બની રહ્યો.

પટ્ટાભી સીતા રામૈયાના મતે સત્યાગ્રહની વ્યાખ્યા 'પોતે દુ:ખ પસંદ કરવાનું અને તે વિરોધીનું અપમાન છે. તેનો ઉપયોગ કરવાથી તેની નૈતિકતા પર પ્રભાવ પડે છે. જે કાર્ય માટે તેનો પ્રયોગ કરવામાં આવે છે, તેમાં આશ્ચર્ય રીતે તેનામાં વિશ્વાસ પેદા થાય છે. તેનો શક્તિથી વિરોધી કમજોર બને છે અને વિરોધીને તેના કાર્યો દ્વારા બીજાને દુ:ખ પહોંચાડે છે, તેથી વિરોધીના મનમાં આત્મહીનતાની ભાવના ઉત્પન્ન થાય ૭.

સત્યાગ્રહ એ રાજકીય શસ્ત્ર નથી, પરંતુ જીવન-દર્શન અને સિધ્દ્ધાંન્તોનો એક ભાગ છે. તે માનવજીવનનું અંતિમ ઉદેશ્ય સત્યની શોધ ૭.

હિન્દના સ્વાતંત્ર્ય સંગ્રામ માટે જવાબદાર પરિબળો અંગ્રેજોની કૂટનીતિ, આર્થિક અવદશા, અંગ્રેજી શિક્ષણ, રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના, સંદેશા વ્યવહાર તથા પ્રેસ વર્તમાન પત્રોનો પ્રચાર-પ્રસાર વગેરે ગણાવી શકાય.

હિન્દના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં આ મુજબની પ્રવૃત્તિઓ થઇ :

સુરતના સત્યાગ્રહો

→ મીઠાકાર

કંપની સરકારે ૧૮૪૨માં મુંબઇ ઈલાકામાં મીઠા પર આઠ આના જકાત નાંખી તેનો અમલ ૧લી સપ્ટેમ્બરથી થવાનો હતો. સુરતની પ્રજાએ આ દર વધારા સાથે તા. ૨૯, ૩૦, ૩૧ /૮/૧૮૪૪ના દિવસોમાં મીઠાવેરા

* લેક્ચરર, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દક્ષિણ ગુજરાતના સામહો

107

વિરોધી શાંત અને અહિંસક દેખાવો કર્યા. તા. ૩૦મીએ સામૂહિક દેખાવોમાં ધર્મ, જાતિના ભેદભાવ વગર ૩૦ હજાર લોકોએ ભાગ લીધો. સરકારના લશ્કરના ઉપયોગ સામે પ્રજાએ મચક ન આપી, ત્યારે સ્થાનિક મૅજિસ્ટ્રેટ રોમગને સમયસૂચકતા વાપરીને કામચલાઉ વેરા રદ કર્યા. પ્રજાએ તે નિર્ણય આવકાર્યો. સરકારે ૧૪મી સપ્ટેમ્બરના રોજ એક જાહેરનામું બહાર પાડયું. ૧ મણ નમકનો ભાવ એક રૂપિયાના બદલે ૭૫ પૈસા કરવામાં આવ્યો. ગુજરાતની પ્રજાનો આ પ્રથમ વિજય હતો. ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ જ્યાં પ્રથમ વેપારી કોઠી નાખી હતી, ત્યાં પ્રજાએ ઇંગ્લૅન્ડની સત્તાને પ્રથમ રાજકીય

પરાજય આપ્યો. એપ્રિલ, ૧૮૪૮માં પ્રજા પ્રતિકારનો ટકરાવ કર્યો તે નવા તોલમાપનો વિરોધ.

સરકારે બંગાળી તોલમાપ દાખલ કરવાનો હુકમ કર્યા, લોકોએ એક હપતા સુધી હડતાલ પાડી ત્યારે સરકારે મહાજનોને વેચાણ બંધનો આદેશ આપ્યો. લોકોની જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવા માટે પડોશી જિલ્લામાંથી લાવવાની શરૂ કરી તો રાષ્ટ્રપ્રેમી મહાજનોએ ગરીબોને મફત વેચી રૂ. ૫૦ હજારનો જનફાળો એકત્રિત કર્યો. ધમીએ નાગરિકોનું પ્રતિનિધિ મંડળ મંજિસ્ટ્રેટને મળ્યું. સરકારે આખરે દરખાસ્ત પડતી મૂકી. પ્રજાનો બીજી વાર સામૂહિક શાંત સત્યાગ્રહ દ્વારા સભા સરઘસ વડે સરકારને નમાવી શાંત નિઃશસ્ત્ર પ્રતિકારનો ગુજરાતે રાષ્ટ્રને ચરણે ધરેલો આ બીજો પ્રસંગ.

૧૪ નવેમ્બર ૧૮૬૦માં પૂણેમાં આવક વેરા વિરોધી તોફાનો થયાં. સુરતમાં ૩૦૦૦ લોકોએ બુરહાન પુરની ભાગોળે એકઠા થઇને ત્યાં સુધી આવકવેરા પત્રકો ન ભરવા જ્યાં સુધી ફેરવિચારણા ન થાય. લોકોએ હડતાલ પાડી. સરકારે લશ્કરનો ઉપયોગ કર્યો તથા અમલદારોની મદદથી તોફાનો ડામવાનો પ્રયત્ન કર્યો. ૩૦ની ધરપકડ થઇ. ૫ને છૂટા કર્યા. રૂ. ૫૦નો દંડ ૧ ને થયો, બાકીનાને છ પાસની કેદ થઇ. આ આંદોલનને દાબી દેવા ટાઇમ્સે સરકાર પર ફૂલ વેર્યા. ઇસ્ટ ઇન્ડિયા કંપની ગઇ અને સરકારનું સીધું શાસન હટાવાયું હોવાથી સરકારને સફળતા મળી.

સુરતની પ્રજાએ ૧૮૭૮માં ફરી એક વાર પરવાના કરના સંદર્ભમાં આંદોલન કર્યું. 'રાસ્ત ગોફતાર' પત્રમાં દાદાભાઈએ આ લડતનું મંગલાચરણ કર્યું. તા. ૨૭મી ફેબ્રુઆરી ૧૮૭૮માં સુરતના નગરશેઠ દ્વારકાદાસ, નરોત્તમદાસ, નરસિંહદાસ તરફથી જાહેરખબર છપાવી 'લાઇસન્સ ટેક્સનો વિરોધ', ૨૮મીએ જાહેર સભા થઇ. તેમાં અમદાવાદ, મુંબઇ, પૂનાએ સાથ આપ્યો. ૧લી એપ્રિલથી ૫ દિવસની હડતાલ પડી. દરમિયાન જિલ્લા મૅજિસ્ટ્રેટ અને વેપારી આલમના અગ્રણીઓ વચ્ચે વાટાઘાટોના અંતે છેલ્લા દિવસે વડાઓએ ઘેરો પાલ્યો. સરકારે દમનકારી પગલાં લીધાં. ગોળીબારમાં બે માર્યા ગયા. બેને ગંભીર ઈજા થઇ, ૧૦૦ની ધરપકડ થઇ. ૫મીએ લોકો અને પોલીસ વચ્ચે મારામારી રાસ્ત ગોફતાર પત્રે આ બનાવની ખાસ કરીને રોયલ એક્ટ જાહેર કર્યા વિના ગોળીબાર કર્યો તેથી ટીકા કરી તેમજ ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ પોતાના 'સ્વતંત્રતા' પત્રમાં ટીકા કરી કે તેઓ લાઇસન્સ ટેક્સના વિરોધમાં છે. નાગરિકોની ધરપકડ થઇ. જેમાં ગુલાબદાસભાઈ વકીલ, જેવચરામ ત્રિવેદી, ઇચ્છારામ સૂર્યરામ એમ છ દેશભક્તો પર કેસ ચલાવ્યો. ફિરોજશાહ મહેતા ખાસ કેસ લડવા

મુંબઈથી આવ્યા. ૩જી જુલાઈ ૧૮૭૮ના રોજ સુરતના ચૌદ નાગરિકોએ મુંબઈની હાઈકોર્ટમાં એફિડેવિટ રજૂ કરી. ફિરોજશાહે છયેયને નિર્દોષ ઠેરવ્યા. ચોથી વાર સુરતની પ્રજાએ

સ્વતંત્રતાની ભાવના વ્યક્ત કરી. ઈ.સ . ૧૮૮૯માં કોંગ્રેસના અધિવેશનમાં ભરૂચ અને સુરત જિલ્લાના પ્રતિનિધિ તરીકેતેનાં બે અહેવાલ મોકલાયાં. સાચી પરિસ્થિતિનો તાગ કાઢ્યા વગર સરકારી અધિકારીઓએ ગવર્નમેન્ટને રિપોર્ટ આપ્યો અને સરકારે ૨૦ ટકા વધારો મંજૂર કર્યો. સરકારે વધેલા ભાવની દલીલ ૩૦ ટકાનો વધારો માન્ય રાખ્યા. સેટલમેન્ટ કમિશનરની સૂચના પ્રમાણે ગામોનું નવું વર્ગીકરણ બહાલ રાખ્યું. ૨૯ ટકાનો વધારો સૂચવ્યો, ૨૩ ગામોને નીચલા વર્ગમાંથી ઉપર ચડાવવામાં આવ્યા. ગામો પર વધારાની મહેસૂલ અને વધારેલા કરનો બેવડો બોજો તાલુકાનું મહેસૂલ ૨૯ ટકા અગાઉ રૂ. ૫, ૧૪, ૭૬/- હતું તે રૂ. ૬, ૭૨, ૨૭૩/- થયું તેથી તાલુકામાં ભારે ઉહાપોહ થયો.

પ્રજાએ ફેરતપાસ, આંકણીની માંગણી કરીને તેનો નિર્ણય કરવાનું કામ સરદારને સોંપ્યું.

પરંતુ સરદારે પ્રથમ લોકોની પાસે શપથ લેવડાવ્યા. ત્યાગ કરવાની સંપૂર્ણ તૈયારી બતાવવી, વધારાનું જ નહીં પરંતુ પૂરેપૂરું મહેસૂલ ન ભરવાની લોકોની તૈયારી હોય તો આ પ્રશ્ન હાથ લેશે. (૨૦-૧-૧૯૨૮) અને ખુશાલભાઈ, કુંવરજીભાઈ, કલ્યાણજીભાઈ જેવા કાર્યકરોએ લોકોની માંગણી અને સરકાર સામે લડી લેવા લોકોનો જુસ્સો વધાર્યો. લોકોને લડત દરમિયાન આવી પડનાર દુઃખ, જુલમ, જોખમો અને અત્યાચારનો વિચાર કરવાની સાત દિવસની મુદત આપી.

લોકોએ ઠેર ઠેર છાવણીઓ નાંખી ભરુચનાં ડૉ. ચંદુલાલ દેસાઈ, સુરતનાં ડૉ. થિયા વગેરેએ છાવણીઓ સંભાળી, તાલુકામાં ૧૩૮ ગામો હતાં. ૨૦૦ સૈનિકો જેમાં સ્થાનિક ૩૦, બારડોલીનાં ૩૦, ૧૪૦ બહારનાં હતાં.

પ્રજાને માર્ગદર્શન અને આંદોલનની ખબરો જુગતરામ દવેએ 'સત્યાગ્રહ' પત્રિકા દ્વારા બહાર પાડી અને સૌરાષ્ટ્રના ફૂલચંદભાઈએ રચેલા યુદ્ધગીતો લોકભોગ્ય બનાવ્યા. નેતાઓમાં કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ, અબ્બાસ સાહેબ, દરબાર સાહેબ, મોહનલાલ પંડયા, રવિશંકર મહારાજ. ડૉ. ચંદુભાઈ દેસાઈ, ગોરધનદાસ ચોખાવાલા, ઈમામ સાહેબ, ડૉ. વસંત સુમન, કુ. મણિબેન પટેલ, શ્રીમતી ભક્તિલક્ષ્મી દેસાઈ હાજરી આપતાં. લડતના ગીતો ગાતા અને લોકોનો જુસ્સો વધારતાં.

સરકારે મહેસૂલ વસૂલાત માટે અણનમ પગલાં લીધાં. બધા અણનમ રહ્યા, જેમાં કેટલાકે ભયથી મહેસૂલ ભર્યું, સમાજમાં તેને હાનિ થઈ. પ્રાયશ્ચિત રૂપે તેઓએ સત્યાગ્રહ ફંડમાં નાણાં તર્યાં. લોકોની જમીન ખાલસા થઈ. ઢોરની જપ્તિ, હરાજી દિવસો સુધી ઢોર ઢાંખર સાથે ઘરમાં પૂરાઈ રહેવાની બાબતોમાં સહનશક્તિ અને જુસ્સો દેખાડયો. મીઠુબેન, વિરુ, ભક્તિલક્ષ્મીબાઈએ સ્ત્રીઓમાં શૂરાતન ચડાવ્યું.

છાવણીમાં કલેકટર, કમિશનર પટેલ, ડેપ્યુટી કલેકટર, પોલીસ સુપ્રિટેન્ડન્ટ, ન્યાયાધીશ, અમલદારો, રિપાર્ટરો તથા પોલીસો હતા.

સરકારે આ લડતને કાબૂમાં લેવા પઠાણોને રોક્યા, એક બાજુ પઠાણોનો અમર્યાદિત જુલમ તો બીજી બાજુ સત્ય અહિંસાનું દૈવી તત્ત્વ, જનતા પક્ષે હતું. પ્રજાને 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા',

દેશી છાપાઓએ સહકાર આપ્યો, તો ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ સરકારને મદદ કરી. ૧૭મી ફેબ્રુઆરીએ સરકારે સરદારના પત્રનો જવાબ આપ્યો. જેમાં ગુજરાત બહારના લોકો સાથે ઉગ્ર વિરોધ દર્શાવ્યો. સરકાર સખ્ત હાથે કામ લેશે. મહેસૂલની આંકણી અને વધારાનું મહેસૂલ વાજબી છે. તેવો જ પત્ર મહેસુલ મંત્રી સ્માઈથે પણ લખ્યો.110

સરદારે આ પત્ર પ્રજા માટે જાહેર કર્યો. પોતાને તથા લોકોને બહારના ગણવા બદલ ઉગ્ર વિરોધ દર્શાવ્યો, તટસ્થ પંચની માંગણી કરી, નરીએ મહેસૂલ વધારાની નીતિ સામે આત્મવિશ્વાસનો ઠરાવ ધારાસભામાં રજૂ કર્યો. સેટલમેન્ટ કમિશનર એન્ડરસને ભાષણમાં સરકારનો બચાવ કર્યો. બારડોલીની જપ્ત જમીન વેચી નાંખવાની ધમકી આપી."

સરદારે ધીરજ, શાંતિ અને પાતનાઓ સહન કરવા લોકોને સલાહ અને સૂચનાઓ ગામે-ગામ આપી. છાવણીઓમાં ભજન, કિર્તન, રાષ્ટ્રગીતો ગવાય અને સરકારે મહેસૂલ ભરી દેવાની નોટિસ બહાર પાડી તે ન ભરતાં જમીનની કપ્તી થઈ. આગેવાનોને સમજાવવામાં આવ્યા. લોકોને ધમકી અપાઇ. પ્રતિજ્ઞાપત્રો ભરાયા. સરકારે વણિકો પર હલ્લો કર્યો (૧૫ ફેબ્રુઆરી). વાલોડ, બાજુપુરાના ૧૫ વણિકોને ૧૦ દિવસમાં મહેસૂલ ભરવાની નોટિસ આપી, માલદારોની જપ્તી માટે ઘરે ઘરે મહેસૂલ ઉઘરાવવા મોકલ્યા. વણિકોની ધરપકડ થઈ. સત્યાગ્રહીઓએ મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા લીધી. તેઓએ છાવણીને રૂ. ૮૦૦/- દાન આપ્યું.

ગાંધીજીએ સરકારનું દમન સહન કરવાની સલાહ દોરવણી 'નવજીવન'માં આપી. 'ગુનો કરનારનો બધે જ બહિષ્કાર થાય છે.' ગામે ગામ નોટિસોની પીળી પત્રિકાઓ મોકલી. લોકોને વેઠિયા પાસે જપ્તીકામમાં જપ્તીની વસ્તુ ન ઉપાડવાનો ઠરાવ કરાવ્યો. બાજુપુરાના વીરચંદ ગેઢે સરકારને વિરતાભર્યો સણસણતો જવાબ આપ્યો. લોકોમાં હિંમત આવી.

સરદારે બારડોલી તાલુકામાં વિચરણ કર્યું ત્યારે ઇનામી જમીનનું મહેસૂલ ભરવું કે નહીં તે મુદ્દો ઉપસ્થિત થયો તે ભરી દેવાની સલાહ સાથે ખેલદિલી દર્શાવી રકમ રૂ. ૮૭૫૬-૧૨-૦ હતી. આ ગાળામાં ચાર ધારાસભ્યો દાદુભાઈ દેસાઈ, શિવદાસાની, રા. બ. ભીમભાઈ, ડૉ. દિક્ષિતે બારડોલીની મુલાકાત લીધી. લોકોની મક્કમતા અને વાજબીપણાની જાહેરાત કરી.

કલેક્ટરે બારડોલીની મુલાકાત લીધી જનજીવન ખોરંભાયેલું જોઈને અહેવાલ આપ્યો. ખેડૂતો મહેસૂલ ભરવા તૈયાર છે. પરંતુ સરકારી નોકરોની રંજાડ જોર, જુલ્મના લીધે ભરી શકતાં નથી. આ અહેવાલ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં છપાવ્યો.

રવિશંકર મહારાજ, ચીમનલાલ છબીલદાસ, સન્મુખલાલ ગોરધનદાસ વગેરેએ ધરપકડ વહોરી. મુંબઈમાં નરીમાને અને મીઠુબહેને પિકેટિંગ કર્યું. પારસીની જનતાએ લડત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. સરકારે કમિશનરને સુરતનાં ડૉ. એહલ બહેરામ પાસે પત્ર લખાવીને મહેસૂલ ભરી દેવાની સલાહ આપી. સરદારે તેનાં જવાબમાં બારડોલીના ખાતેદારોની સભા બોલાવી. મુંબઈમાં કોંગ્રેસની કારોબારી સમિતિ મળી. લડતને ટેકો આપ્યો. સરકારને કમિશનર પાસેનો કાગળ મંગાવાની નિષ્પક્ષ અને સ્વતંત્ર પંચ નિમવાની માંગણી કરી. ધારાસભ્યોએ લડતમાં સાથ આપવા રાજીનામાં આપ્યાં.

કનૈયાલાલ મુનશીએ રાજીનામું આપીને ગવર્નરને મળ્યાં. આ પરિપત્રની માંગણી કરી. મુનશી તપાસ સમિતિના પ્રમુખપદે અને મંત્રીપદે બાબાસાહેબ ખેર રહ્યાં. તેઓએ બારડોલી તાલુકાના ૧૨૬ સાક્ષીઓની તપાસ કરી તેનાથી લડતનું વ્યાજબીપણું તટસ્થપણે સાબિત થયું. તેની તપાસ હૃદયનાથ કુંજરુ, ઠક્કરબાપા વગેરે જેવા ભારતીય સેવક સંઘના સભ્યોએ કરી. વિનિતો સપ્રુ બેસન્ટે 'સ્ટેટસમૅન' 'પાયોનિયર' છાપાઓમાં લોકોની લડત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવાઇ.

સરકારે લોકો, ઢોર પર જુલમ ગુજાર્યો. ઉગ્રમત સાથે ખેડૂતોની જપ્ત જમીન વેચવા માંડી ત્યારે નવસારી પ્રાન્તે પડોશી ધર્મ બજાવીને લડત પ્રત્યે સક્રિય મદદ કરી.

મુંબઈથી ટાઇમ્સે પોતાનો એક પ્રતિનિધિ બારડોલી મોકલ્યો. ટાઇમ્સમાં લેખો આપ્યાં.સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દક્ષિણ ગુજરાતના સત્યાગ્રહો

111

બારડોલીમાં ખેડૂતનો બળવો, બારડોલીમાં 'બોલ્સે વિઝમાં આ લેખોની અસર ઇંગ્લેન્ડમાં થઇ. ઍહ્વાયરે કડક અમલ માટે સૂચન કર્યું. મુંબઈમાં અમલદારોની પરિષદ મળી. ગવર્નરે વાઈસ ગર્વનરને મળવા બોલાવ્યા. તેઓ ૧૮ જુલાઈએ સુરત આવ્યા. તેમાં ખેડૂતો તથા સરદારને આમંત્રણ આપ્યું. સરદારે પોતાની સાથે બહારના જણાતાં, અબ્બાસ સાહેબ, કલ્યાણજીભાઈ, શારદાબહેન, મીઠુબહેન, ભક્તિલક્ષ્મીબાને લીધાં.

સરકારની શરતમાં મહેસૂલ તુરત ભરવું. લડત બંધ રાખવી, આ અમલ પછી આકારણીની તપાસ થશે અને તે મહેસૂલ સાથે સંબંધ ન ધરાવતાં અમલદારો દ્વારા થશે. સરદારની શરતોમાં કેદીઓને મુક્ત કરવા, ખાલસા જમીનો મૂળ માલિકોને પાછી આપવી, વેચેલી ભેંસોની કિંમત બજારના ભાવ મુજબ માલિકોને આપવી. બરતરફી કે સજા પાછી ખેંચવી, તપાસ ભલે સરકારી અમલદારો દ્વારા થાય પણ તે નિષ્પક્ષ, તટસ્થ, ન્યાયી અદાલતના પ્રકારની લોકોના પક્ષની રજૂઆત કરવાની, આવકાર્ય માંગણીઓ મૂકવી, ખાલસા જમીન ત્રીજા પક્ષને વેચવી તે વેચાણ પર ભારતમંત્રીની મહોર મારવી. આવેલી જમીન પાછી ખેડૂતોને આપવી તે સાથે ગવર્નર સંમત ન થયા. મુંબઈમાં ટાઇમ્સ સિવાયના તમામ પેપરોએ સરકારના વલણની ટીકા કરી.

મુંબઈની ધારાસભામાં સત્યાગ્રહીઓને ધમકી આપતું ભાષણ થયું. સરકારના બેહૂદાપણા અને ધમકીથી ધારાસભ્યો અકળાયા અને લોકોએ લડત ચાલુ રાખી.

૨જી ઑગસ્ટે ગાંધીજીએ બારડોલીની મુલાકાત લીધી. ગર્વનરશ્રી કાઉન્સિલર ચુનીલાલે સમાધાનની વાત કરી. ૩-૪ ઑગસ્ટ ચુનીલાલના નિવાસસ્થાને વાટાઘાટો થઈ. ચુનીલાલ, દાદુભાઈ મુનશી, શિવદાસાની ઉપરાંત સરદાર, મહાદેવભાઈ, સ્વામી આનંદ હાજર રહ્યા.

મસલતનાં પરિણામે જપ્ત જમીનો પાછી આપવી, સત્યાગ્રહીઓને કેદમુક્ત કરવા, બરતરફીઓને પાછા લેવા, તપાસ સમિતિ પછી મહેસૂલ ભરવાનું નક્કી થયું.

બંને પક્ષની માંગણીઓનો સ્વીકાર થયો. દમનના કિસ્સા તપાસની માંગણી જે નહોતી સ્વીકારી તે સરકારે સ્વીકારી.

૧૨ ઑગસ્ટે બારડોલીની વિશાળ સભામાં ગાંધીજીએ લોકોને અભિનંદન આપ્યા અને આનાથી સંતોષ ન માનતા આઝાદીની લડત માટેની તૈયારી કરવી તેવી શીખ ખાપી.

મુંબઈના ટાઇમ્સે બારડોલીની આફત હેઠળ લેખ લખ્યો. 'સરદારે લડત ફરી ચાલુ કરવા

માટે સૈનિકો રાખ્યા છે' એવા ખોટા આક્ષેપનો પટેલે ખુલાસો માંગ્યો. ડેવિસના બદલે બ્રૂમસિલ્ડ

મેકઅવેલની નિમણૂક થઇ.

ચોથાઈના દંડ બાબત સરકારને જણાવ્યું અને ચોખવટ કરવા સૂચવ્યું. પૂનામાં વાટાઘાટો બાદ ચોથાઈ દંડ માટે ડેવિસનો આગ્રહ જતો કર્યો.

૧૮ ઑક્ટોબરની તપાસ સમિતિ સરદાર તરફથી નરહરિ પરીખ, મહાદેવભાઈ દેસાઈ, રામનારાયણ પાઠક, લાલાંકાકા, કુંવરજીભાઈ, ખુશાલબાઈ, મોહનલાલ પંડ્યા, કલ્યાણજી મહેતા, ગોરધનદાસ ચોખાવાળા વગેરેની રજૂઆતમાં સત્યાગ્રહીઓની ફરિયાદ સાચી ઠરી.

ખોટા ગણોતને કાઢી નાંખવાની, અવાવરુ કૂવા પરનો કર ૨૬, ઉપયોગમાં ન આવતી ક્યારીની જમીનને જરાયતા ગણવાની, ઘાસ, બાવળ હોય તેવી જમીન બાગાયત ન ગણવાની વગેરે સ્પષ્ટ ભલામણો કરી.

સરકારી અમલદારો અને જેફરસન એન્ડરસનની બેદરકારી અને ખોટી ભલામણો, સરકારસમક્ષની રજૂઆતમાં પોકળતા સાબિત થઈ. બારડોલી સત્યાગ્રહે દેશની આઝાદીનો માર્ગ મોકળો કર્યો.

લડતમાં ૧૫૧ કાર્યકર્તાઓએ ભાગ લીધો, ૧૬ ધારાસભ્યોએ રાજીનામાં આપ્યાં, ૧૫૦૦ સ્વયંસેવકો હતાં. ૨૮ કાર્યકર્તાઓની ધરપકડ થઈ. ૧૨૬ નામ મોટી જપ્તીઓ થઈ. જમીન ખાલસા કરાવવા ૬ હજારથી વધુ નોટિસો કાઢી. દોરાબજી ઈસ્માઈલ ગબા, હીરચંદ ગેનાજી શહીદ થયા. ૧૬ હજારથી વધુ ભેંસોની જપ્તી થઈ. ૧૨૨ પટેલોમાંથી ૮૪ અને ૪૫ તલાટીઓમાંથી ૧૯ રાજીનામાં આવ્યાં. ખાલસા જમીન રાખનારામાં ગાર્ડા, મનાજી પારસી, એરચશા, કલ્યાણસંગ તથા મીરઝા હતા.

➡→ મીઠા સત્યાગ્રહ

દાંડી સુરત જિલ્લાના નવસારી તાલુકાથી ૧૧ માઈલ દૂર દરિયાકાંઠાનું મીઠાના અગરનું સ્થળ છે.

ગાંધીજીએ વાઇસરૉય ઈરાયસેનને પત્રમાં ૧૧ મુદ્દાઓ - મહેસૂલ ઘટાડો, દારૂબંધી, મીઠાયેરાની નાબૂદી, પરદેશી કાપડ પર ઓછી જકાત, રાજકીય કેદીઓની મુક્તિ વગેરે તેમજ આ મુદ્દાઓની વિચારણા થશે નહિ તો મારે સવિનય કાનૂન ભંગ કરવાની ફરજ પડશે અને મારા આશ્રમવાસીઓ સાથે હું મીઠાનો કાયદો તોડીશ એવી ચેતવણી સાથે આ સત્યાગ્રહ અહિંસક અને અંગ્રેજો પ્રત્યેના વ્યક્તિગત દ્વેષભાવ વિના થશે એવી સ્પષ્ટતા કરી હતી.

દાંડીની પસંદગીનું મુખ્ય કારણ એ હતું કે ગાંધીજી ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થઈને સુરત જિલ્લાના દરિયાકાંઠે જ્યાં કુદરતી મીઠું પાડે છે ત્યાં કાનૂનભંગ કરે તેની અસર સમગ્ર ગુજરાતમાં થાય. કૂચ લંબાવવાથી હિન્દમાં તેનો પ્રચાર થાય. કલ્યાણજીભાઈનો આ વિચાર દયાળજીભાઈ દેસાઈ, કુંવરજીભાઈ મહેતા, કનૈયાલાલ દેસાઈ. મીઠુબહેન પીટીટને પસંદ આવ્યો.

કલ્યાણજીભાઈએ અમદાવાદ જઈને વલ્લભભાઈ પટેલને વાત કરી. ગાંધીજીએ મહાદેવભાઈ દેસાઈના જન્મસ્થાન, દિહેણ ૧૯૨૧ના ભડ સત્યાગ્રહી પાંચા પટેલનું કરોડી દાંડી ધરાસણા, ઉદવાડા, વગેરેની મુલાકાત લેવા કલ્યાણજીભાઈ, નરહરિભાઈ પરીખ, લક્ષ્મીદાસને જણાવ્યું. છેવટે દાંડીની પસંદગી થઈ.

ગાંધીજીએ ૨૩મી ફેબ્રુઆરીએ ભરૂચમાં જનજાગૃતિ અને સરકારી કર તથા આવનાર આફત સામે લડવા માટે જુસ્સાભર્યું ભાષણ કર્યું. ૨જી માર્ચે ગાંધીજીએ વાઈસરોયને પત્રમાં જણાવ્યું કે જો સહાનુભૂતિભર્યો જવાબ નહીં મળે તો ૧૨મી માર્ચથી સત્યાગ્રહનો આરંભ થશે. આ પત્રમાં અંગ્રેજ સરકારના બેહદ ખર્ચા, ભારતની ગરીબી, અહિંસા દ્વારા બ્રિટિશરોનો હૃદયપલટો કરવાની સત્યાગ્રહીના સરળ અને પવિત્ર ધર્મના પાલન અંગેનો પત્ર રેજિનોલ્ડ સાથે મોકલ્યો, જવાબમાં વાઇસરૉયે મંત્રી કનિંગદાસ દ્વારા જણાવ્યું કે સત્યાગ્રહથી સુલેહ શાંતિનો ભંગ, કાયદાના અનાદરનો ભંગ છે. ગાંધીજીએ નવજીવનમાં ૯-૩-૩૦ના રોજ લેખ લખ્યો. ઈશ્વરકૃપા હશે તો હું ૧૨મી માર્ચે કૂચ કરવા માંગું છું. ગાંધીજીને ભારતભરમાંથી હજારો ખત મળ્યા. ૭૮માંથી ૩૮ ગુજરાતના બાકીના દેશના વિવિધ પ્રદેશોના હતાં. સાબરમતીના વિશાળ તટ હૃદયકુંજ, દધિચીના ઓવારે, દૂધેશ્વરના કિનારે પ્રાર્થના સભા થઈ. ગાંધીજીએ ભીષ્મપ્રતિજ્ઞા લીધી કે 'કાગડા, કુતરાના મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો નહીં ફરું.' પ્રજાને શૂરાતન ચડાવતું ભાષણ કર્યું. નારાયણરાવ ખરેએ ભજન ગાયું - શૂર સંગ્રામ કો દેખ ભાગે નહિ, હરિનો મારગ છે શૂરાનો,રઘુપતિ રાઘવ રાજા રામની ધૂન બોલાવાઈ. કસ્તુરબાએ સત્યાગ્રહીઓને ચાંદલો કરી સુતરની આંટી પહેરાવી વિદાય કર્યા. સાંજના ૬-૧૦ કલાકે ગાંધીજીએ ૬૧ વર્ષની ઉંમરે મહાભિનિષ્ક્રમણ કર્યું.

એલિસબ્રિજના પુલ પરથી સાબરમતી ઓળંગીને પ્રથમ વિશ્રામ ચંડોળા તળાવે કર્યો. ત્યાંથી તા. ૧૩ બારેજા, ૧૪ વાસણા, તા. ૧૫ ડભાણ, તા. ૧૬, બોરિયાવી, ૧૭ મૌનવાર, ૧૮ નાપાડ, પછી રાસ ૨૧મીએ મહીસાગર ને કાંઠે ખેડા જિલ્લાનાં ઉપરોક્ત ગામોના મુખીઓએ રાજીનામાં અને સત્યાગ્રહીઓને ફાળા આપ્યાં. આ વખતે અંગ્રેજ સરકાર મુંબઈ સરકારે ડેપ્યુટી કલેક્ટર શ્રી દુર્લભજી દેસાઈને કૂંચ સાથે પ્રવાસ કરવા અને ગાંધીજીને મનાવી લેવાનો હુકમ કર્યો. દેસાઈએ સરકારને જવાબ આપ્યો કે અમદાવાદના કલેક્ટર અને કમિશનરે કોઈની ધરપકડ કરી નથી તે જાણીબૂઝીને જોખમ શા માટે વહોરવું. કૂચ કેકાપુરા પહોંચી ત્યારે અમદાવાદમાં મહાસમિતિની બેઠક પૂરી કરીને જવાહરલાલ નહેરુ ગાંધીજીને મળવા કેકાપુરા આવ્યા. ૨૨મીએ કૃચ જંબુસર પહોંચી, ત્યાં કોંગ્રેસની કારોબારીની બેઠક હતી. જેમાં મોતીલાલ, જવાહરલાલ, સરોજિનીની હાજરીમાં અલ્લાહાબાદનું રાજમહેલ જેવું નહેરુ કુટુંબનું 'આનંદ ભવન' રાષ્ટ્રને અર્પણ કરવાનો સંકલ્પ અહીં થયો.

જંબુસરથી ઢાઢર નદી ઓળંગી સંઘર સ્વાગત આમોદમાં કમલાદેવી ચટ્ટોપાધ્યાય મહેરચાલી, યુથ લીગના કાર્યકરોએ કર્યું, ત્યાંથી બુલા, ત્રાલસા, દેરોલ થઈ સંઘ ભરૂચ આવ્યો. ચંદુલાલ દેસાઈનાં ભરૂચ ગામમાં ગાંધીજીએ જોરદાર ભાષણ કર્યું. અંકલેશ્વર સજોદથી માંગરોળ, ગયમા, ઉમરાવી થઈ સુરતમાં પ્રવેશ્યા ત્યારે સુરત જિલ્લાના કોંગ્રેસના પ્રમુખ અને સુરતનાં સિંહ દયાળભાઈ દેસાઈ બીમાર હોવાથી ઉપપ્રમુખ મીઠુબહેન પીટીટે સરથસનું સ્વાગત કર્યું. કનૈયાલાલ દેસાઈ, કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ મહેતા, જુગતરામ દવે ત્યાંથી જોડાયા, ઓરથાણામાં ગાંધીજીએ પ્રવચન આપ્યું કે હિમાલયની યાત્રા કરીને જીવતા મોક્ષને બદલે કૂચ કરીને પરમેશ્વરનાં દર્શન કરવા માંગું છું. હાલ સરકારની દશા 'સાપે છછુંદર ગળ્યા' જેવી થઈ છે.

૨૯મીએ ઓરથાણથી ભટ્ટગામ જતાં સુરતનાં કાર્યકરો... ગંગાબહેનની ડેરીનું દૂધ તથા અન્યની શાકભાજી અને ફળફળાદિની સેવા સાથે લઈને અંધારામાં કિટસન લાઈટનો પ્રકાશ ઓછો પડતો હોવાથી સાથી કાર્યકરો એ મજૂરોને જલદી ચાલવા માટે ફટકાર્યા ત્યારે ગાંધીજીને આત્મગ્લાનિ થતાં ફળફળાદિ છોડ્યાં. ૩૦મીએ સંધિયાર પહોંચતા લોકધર્મ સમજાવ્યો. ત્યાંથી ઓલપાડ તાલુકાના દેલાડમાં છેલ્લી સભા કરી ત્યાં પ્રવચનમાં જણાવ્યું કે ભૌતિક, સાંસારિક, શારીરિક જરૂરિયાતો જેટલી ઓછી તેટલી શાંતિ વધારે, તેમજ લડતમાં સ્ત્રીઓને મોખરે રહેવા, સુતરનાં તાંતણે સ્વરાજ મેળવવા અને દારૂબંધી- આ ભાષણ આઠ હજારની મંદનીમાં આપ્યું. તાપી નદી પાસેના છાપર ભાગ ગામમાં કાંતણનું મહત્ત્વ, સરદારની જેલમુક્તિનાં પ્રયાસો અંગેનું ભાષણ આપ્યું.'

૧લી એપ્રિલની સાંજે માનવ મહેરામણ સાથે સુરતના વરાછા રોડ પરના નથુભાઈ નારણદાસ અને ડાહ્યાભાઈ હરગોવિંદદાસના બંગલામાં રોકાણ કર્યું. નર્મદ, ઇચ્છારામ, મહીપતરામ, દુર્ગારામ, સૂર્યરામ જેવા સુધારકો અને 'સહુ ચલો જીતવા જંગ' એક લાખની મેદનીએ આ શૌર્યગીત ઉમળકાભેર ગાયું. કલ્યાણજીભાઈએ સુરત જિલ્લાનું સરવૈયું કાઢ્યું કે હિન્દની ગુલામીના પહેલાવહેલા મૂળ અહીં નંખાવ્યા હતાં. આપણા પૂર્વજોના પાપ ધોવા માટે આ જિલ્લો પસંદ થયો. જિલ્લાના ૧૬૯ પટેલોએ રાજીનામાં આપ્યાં. સૈનિકોમાં શૂરવીરો અને ચંડીઓ છે. ઓલપાડ તાલુકાના મોરા, સુંવાળી, પિંજરત, ઇચ્છાપોર, કુંટિયાણા, ચોર્યાસી તાલુકાના ભીમરાડ, ખજોદ, જલાલપોરના દાંડી ઓટ, કરોડીખોજલ, કાંકરા ફળિયા છે. વલસાડના ધરાસણા, ઊંટડી, મનોદ, મીઠાના અગરો છે. ગાંધીજીએ ભાષણમાં જણાવ્યું કે 'રાક્ષસી' રાજ્ય, દૂર કરવું છે. આપણું તંત્ર આપણા હાથમાં રહે, કોઈ પણ ધર્મમાં સ્ત્રીઓ મિસ્કિનો, ગરીબો પર કરની વાત નથી. જગતમાં આવો ન્યાય સાંભળ્યો નથી. અંગ્રેજ સરકાર પાસે લશ્કર, દારૂગોળો હોતાથી મને ચપટીમાં ચોળી શકે છે. હું ડરતો નથી. તમે બધા હિમત રાખશો. અંધકવિ હંસરાજે ફ્રિડમના સૂર સાથે 'ટોપીવાળાના ટોળા ઊતર્યા' ગીત ગાયું ત્યાંથી બપોરે ડિંડોલીથી કુંવરજીભાઈ કલ્યાણભાઈના વતન વાંઝ સુધી સંઘ પહોંચ્યો. ત્યાં ગાંધીજીએ કહ્યું દક્ષિણ આફ્રિકાના મારા સાથી મિત્રો અહીંના છે. કૂચના બે દિવસ પછી ઈશ્વર ઇચ્છા હશે તો આપણે શનિવારે દાંડીમાં મીઠું પકવીશું. સવિનય ભંગ દ્વારા મીઠાનો કર કાઢવો, સ્વરાજ માટેની લાયકાતો કેળવવી, ૩જી એપ્રિલે ધામણ જતાં રસ્તામાં પોપડા કધલેલૈયા ગામના સત્કાર પછી મીંઢોળા નદી પાર કરીને ગાયકવાડ રાજ્યના ડાભેલમાં ડૉ. સુમન મહેતા તથા મૌલવીએ સ્વાગત કર્યું તથા આર્શિવાદ આપ્યા. ચોખડ થઈને ધામણ પહોંચતા ત્યાંના કબીરપંથ મૌલાના રહેમાને ઉર્દૂમાં ભાષણ અને આશીર્વાદ આપ્યા. ગાંધીજીએ કહ્યું અહીંના કસબામાં મારા સાથીઓ અને અસીલો છે. વડોદરા રાજ્યના માણસો મારી ટૂકડીમાં છે. જે હિન્દને વફાદાર છે. અહીંના અત્યંજોએ દારૂતાડી માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી.

અહીં પડઘા વેરાવળ થઈ કૂચ ૩જી એપ્રિલે સાંજે છ વાગે નવસારી પહોંચી, નવસારીના દૂધિયા તળાવમાં ૨૫૦૦૦ લોકોની સભા ભરાઈ. ત્યાંનાં કાર્યકરો ગુલાબભાઈ ઝવેરી વાચનરાયતાહમકર, ચાંદોરીકારે સ્વાગત કર્યુ અને ત્યાંના તુલસીદાસની ચોપાઈ, રઘુકુળ રીતિ સદા ચલી આઈ ગવાઈ અહીંના ભાષણમાં જણાવ્યું કે આપણે આ ચોપાઈની પ્રતિજ્ઞા લીધી છે અહીંથી કનૈયાલાલ મુન્શી, લીલાવતી મુન્શી જોડાયા.

૩થી એપ્રિલ શુક્રવારે સંઘે વિજલપોરમાં મયાબાઈની તેલની મિલમાં મુકામ કર્યો. ત્યાં વિદેશીમાલનો બહિષ્કાર, સ્વદેશી વસ્તુઓનો આગ્રહ, પૂર્ણ સ્વરાજ મેળવવાની પ્રતિજ્ઞા લીધી. કરાડી જતાં હાસાપોર, એરુર નજીકના ગામો પેતાણમાં જુગદરામ દવે, રાનીપરેજની પ્રજા ભજી.

બારડોલીના આશ્રમવાસીઓએ અને કરાડીની પ્રજાએ મશાલ અને 'સ્વરાજની સવારી આવી' ગીતથી સંઘનું સ્વાગત કર્યું. ૫મી એપ્રિલે ૨૪૧ માઈલ અને ૨૪ દિવસની યાત્રા કરીને સ્વરાજની દીવાદાંડી રૂપ દાંડી સંઘ પહોંચ્યો. ત્યાંના મુસ્લિમ યજમાન શેઠ સિરાજુદીન વાસીના બંગલામાં ઉતારો રાખ્યો. ૫૦૦થી ઓછી વસ્તીવાળું આ ગામ માનવ મેદનીથી ઉભરાતું હતું. બપોરે દાંડીના વડલા નીચે સભા ભરાઈ ત્યારે પ્રવચનમાં ગાંધીજીએ કહ્યું કે શાંતિ અને અહિંસાનો પ્રભાવ વિશ્વવ્યાપી

છે. આખા વિશ્વમાં વ્યાપક સવિનય ભંગ ચાલે અને તેને સરકાર સાંખી લે તેમાં જ મીઠાના કાયદાનો નાશ છે. સરકારી મારી ધરપકડ કરે તો પણ આ લડત અટકાવવાની નથી. આ થાય તો સ્વતંત્રતા દેવીનું અપમાન થયું છે. આત્મશુદ્ધિ કરીને સરકારને નીડરતા બતાવવાની છે જેમની જેલથી માંડીને ગોળી ખાવાની તૈયારીઓ હોય તે આવે, બાકીના ન આવે ઈશ્વર- આપણી સાથે રહે. સત્યનો જય થાઓ.

છઠ્ઠી એપ્રિલના મંગલ પ્રભાતનો પ્રારંભ પ્રાતઃપ્રાર્થના, 'યાતા સ્વરામિહદિ' શ્લોકથી કરીને ખાંજણ ખૂંદતા બાજ કલ્યાણજીભાઈની સાથે મીઠાની ચપટી ભરી. મીઠું ચોર્યું સવારે ૬-૩૦ વાગ્યે. આ પુનિત દૃશ્યમાં ગગનભેદી નાદ થયો. 'નમક કાયદા તોડ દિયા' ગાંધીજીએ ધીર ગંભીર અવાજેકહ્યું. બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં હું આજથી લૂણો લગાડું છું અને જે ઈમારતને લૂણો લાગે તે કેટલો વખત ટકી શકે ?

આ પ્રસંગ પછી ગાંધીજીએ સૌને સરકારની સજા પેઠી લેવાની સલાહ આપી. દેશમાં વિવિધ સ્થળો કરાંચી, પેશાવર, મદ્રાસ, કલકત્તા વગેરે જગ્યાઓએ ગોળીબાર થયો. સરકારે ઓર્ડિનન્સ બહાર પાડયા સરકારને જામીનગીરી ન આપવાને લીધે નવજીવને સાયક્લોસ્ટાઇલ કાઢી. મીઠું ઉપાડયા પછી ગાંધીજીએ ભાષણમાં કહ્યું આજે રાષ્ટ્રીય સપ્તાહનો પ્રથમ દિવસ છે. મહાગુજરાતમાં કાયદાનો ભંગ ઈશ્વરના નામથી ગયો છે. ઈશ્વરની શક્તિથી એક દિવસમાં જે આપણો જન્મસિદ્ધ હક્ક છે. તે મળી શકે છે. ૭મી એપ્રિલે સરકારે ગાંધીજી સિવાય, મુખ્ય આગેવાનોની ધરપકડ કરી. સ્વાતંત્ર્યવિરોએ દેશાભિમાન માટે પોતાનો ભોગ આપવા તૈયાર થયા. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ભીમરાડ ગામના રામદાસની ટુકડીએ ૫૫ મણ મીઠું ભેગું કર્યું. ત્યારે તેમની ધરપકડ થઇ. તો તેઓએ પ્રતિજ્ઞા લીધી 'દાણચોરીનું મીઠું આપું અને બ્રિટિશ સરકારને અહીંથી દૂર કરવી' આ કારણે ગાંધીજીએ વલસાડ જિલ્લાના ધરાસણા અગર પર ધાડ લઈ જવાનો નિર્ણય કર્યો.

૭મી એપ્રિલે દાંડીના ભાષણમાં ગાંધીજીએ કહ્યું કે આપણી માથે બ્રિટિશ સરકાર ઘોડા દોડાવે, કાંડું છૂટે, મીઠું ન વછૂટે આ કાયદાનો ભંગ કરોડો માટેનું સ્વરાજ છે. હિન્દના નેતાઓ જેલમાં છે તો સ્વયંસેવકોને ઘાયલ બેભાન જોઇને, પથ્થર જેવી છાતી કરીને લડવા તૈયાર છું. ઈશ્વરની કૃપા સમજવી, મીઠાનો કાયદો તોડવા છતાં સરકારની નજર, અહીં નહીં પડે તો છાવણી બીજે નાંખીશું. સરકાર દર વર્ષે છ કરોડનું મીઠું ખાઈ જાય છે. સરકારનું મીઠું ન ખાતાં ઘર આંગણનું મીઠું ખાવું તે જ દિવસે ગુજરાતના પ્રેસના પ્રતિનિધિની મુલાકાતમાં ગાંધીજીએ સંદેશો આપ્યો. લડત દરમિયાન મીઠુભાઈ કોઠારી અને અમૃતલાલ શેઠની ધરપકડ થઇ ત્યારે કોઠારીના ધર્મપત્નીનું અવસાન થયું છતાં તેમની ધરપકડ થઇ. તેઓ રણક્ષેત્રે ચડ્યા. એવું શૌર્ય ગુજરાતની પ્રજા બતાવે તો

વિજય પાસે આવે. વર્તમાન પત્રોના પ્રતિનિધિઓ દ્વારા સમસ્ત હિન્દની પ્રજાને ગાંધીજીનો સંદેશ :

'મીઠાના કાયદાનો હવે વિધિપૂર્વક ભંગ થયો છે. જે કોઈની જ્યાં મીઠું પકવવાની સગવડ અને ઇચ્છા હોય તો પકવી શકે છે. ગામના લોકોને મીઠું પકવવા કાયદાનો ભંગ તેનાં પરિણામો વગેરેથી માહિતગાર કરવા. આ લડત છઠ્ઠી એપ્રિલ થી ૧૩મી એપ્રિલ સુધી રાષ્ટ્રીય સપ્તાહ તરીકે ચલાવવી.' પરદેશી કાપડનો બહિષ્કાર ખાદીનો પ્રચાર કરવો. ચરખા ચલાવવા બહેનો દારૂબંધીનું કામ ઉપાડે, બહેનો પુરુષો કરતાં અહિસાનું પાલન સારી રીતે કરી શકે. સમાજના કાયદાનું પાલન કરજો. અંગ્રેજ વ્યક્તિ પણ આપણી સાથે નિઃશંક પણે આવી શણ્ણ્ષ છે. સત્ય અહિસાનું પાલન એ પોતાનો તથા મહાસભાનો કાયદો છે.

સત્યાગ્રહીઓના નિયમોમાં સત્ય, અહિસા, બ્રહ્મચર્યનું પાલન કરવું, કાંતણ કરવું, ખાદી પહેરવી, સ્વદેશી વસ્તુઓનો આગ્રહ રાખવો, સરકારની દમન પ્રવૃત્તિઓ સહન કરીને જેહાદ જગાવવી. રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરાઈ. વિદેશી

વસ્તુઓનો બહિષ્કાર થવા લાગ્યો. રાષ્ટ્રિય શિક્ષણનો પ્રચાર-પ્રસાર થયો. અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિ વેગવાન નબી. દારૂબંધીનું કામ હાથ ધરાયું. રાષ્ટ્રવાદીઓએ શરાબ તથા નશીલા પદાર્થો પર પ્રતિબંધની માંગણી કરી. સરકારી નોકરીઓનો ત્યાગ, વકીલોએ વકીલાત, પટેલોએ રાજીનામાં, તલાટીઓએ નોકરી છોડી."

➡→ ધરાસણા સત્યાગ્રહગાંધીયુગના સત્યાગ્રહની લડતોમાં ૧૯૩૦ની ધરાસણા લડત ગણનાપાત્ર છે. દાંડીયાત્રા પછી લડતને નિષ્ફળ બનાવવા બ્રિટિશ સરકારે પેંતરો રચ્યો. ગાંધીજી સિવાયના આગેવાનોની ધરપકડ કરી સત્યાગ્રહીઓ પર અમાનુષી લાઠીમાર, ગાળોનો વરસાદ, અશ્વોની દોડ, ગુપ્તાંગો પર મૂઢ માર અને બિભત્સ રીતે મારવાની પ્રવૃત્તિથી ગાંધીજીએ મીઠાના અગર લૂંટવાનો કાર્યક્રમ ૨૬-૪-૧૯૩૦ના છરવાડામાં ધરાસણા અગર પર કૂચ લઈ જવાનો નિર્ણય કર્યો. તેનાં કાર્યક્રમની જાણ વાઇસરોયને પત્ર દ્વારા કરી. લડત શરૂ થાય તે પહેલાં ગાંધીજીની ધરપકડ કરાડીમાંથી બ્રિટિશ સરકારે કરી (૫-૫-૩૦), પરંતુ લડત વેગીલી બની. શ્રી અબ્બાસ તૈયબજી અને સરોજીની નાયડુએ લડતનું સુકાનીપદ સંભાળ્યું.

૮મી મે લડતના સેનાપતિ તરીકેના નિવેદનમાં તૈયબજીએ કહ્યું, મીઠાના કાયદા સાથે સત્યાગ્રહની લડત શાંતિ અને અહિંસક માર્ગે ૧૫મી ના સવારે ૬-૩૦ વાગ્યે સરકારી અગર પર કબજો લેશે. આ નિર્ણયથી આંટિયા ને કોઠાવાળા દ્વારા સુરતના કલેક્ટર બ્રેહામે તૈયબજીને પત્ર મોકલ્યો 'મીઠાના અગર પરનો દરોડો ફોજદારી ગુનો, જાનમાલનું નુકસાન, સરકારના પગલાની ગંભીર સ્વરૂપની ચેતવણી આપી. તેના જવાબમાં તૈયબજીએ જિલ્લા મૅજિસ્ટ્રેટના વિવેક બદલ આભાર અને કાર્યક્રમમાં કોઈ ફેરફાર નહીં થાય એમ જણાવ્યું. પ્રેસના પ્રતિનિધિને મુલાકાતમાં જણાવ્યું કે ધરાસણા લડત ધાડ નહીં પરંતુ રાષ્ટ્રીય મિલકતનો કબજો લેવા અને મીઠું પકવનારને વળતર તથા સરકારને મીઠાનો કર નહીં આપીએ જણાવ્યું.

૧૨મીએ ૫૯ સ્વયંસેવકો સાથે તૈયબજીએ કસ્તુરબા અને અન્ય બહેનોના કેસર તિલક આશીર્વાદ સાથે કૂચ કરી. ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટે પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે ૩૦૦ હથિયારધારી પોલીસ સાત મોટરના કાફલાથી બ્રેહામના અદેરાથી લડતને વિખેરી નાકા કરાંડી નજીકથી સંઘની ૧૨-૫-૧૯૩૦ના રોજ ધરપકડ કરી : જુગતરામ દવે, ફતાયા નાયર, પૃથ્વીરાજ આસટ, છગનલાલ જાદવ, રશિકલાલ દેસાઈ, વિઠ્ઠલદાસ અમલાની, કેરાવ મહાદેવ, બાળ કલેક્ટર ચન્દ્રકાન્ત પટેલ, કરીમ વોરા, છોટુ પટેલ, અમૃતલાલ દોલત, રામમિહન હોગ, સુરેન્દ્રનાથ ગુપ્તા, નારાયણ નૈતિસંહ વગેરે પર જલાલપોરથી કોર્ટમાં ઇન્ડિયન પિનલ કોડની કલમ ૧૪૩ હેઠળ ગેરકાયદેસર મંડળીમાં સામેલ થવાના આરોપમાં મૅજિસ્ટ્રેટ જુવેલ સમક્ષ કેસ ચાલ્યો. અબ્બાસ સાહેબ, જુગતરામ દવેને ૬ મારાની, ૫૩ સૈનિકોને ૩ માસની સજા, વિઠ્ઠલદાસ, લાલજી મહાવીર, બહાદૂરગિરિ, પૃથ્વીરાજ આસરને નાની ઉંમરના કારણે તાકીદે છોડી મૂક્યા. અબ્બાસ સાહેબે સંદેશમાં જણાવ્યું 'લોકોના જુસ્સાને જુલમ, દમનનીતિથી સરકાર દબાવી શકશે નહીં. પૂર્ણ સ્વરાજ વગર હિન્દમાં શાંતિ નહિ આવે. આપણા કાર્યક્રમને ચાલુ રાખીને રાષ્ટ્રધ્વજ માટે પ્રાણ અર્પણ કરો.'

મુંબઈની મહાસભાની કાર્યવાહી સમિતિએ ધરાસણા લડતને હિન્દ વ્યાપી બનાવવાનો નિર્ણય કરીને સરોજિની નાયડુએ સુકાનીપદ લીધું. તેમણે ૧૪મીએ ઉદડીની છાવણીમાં કહ્યું : ગાંધીજીની શરૂ કરેલી લડતને વિચાર, વાણી, વર્તનથી અહિંસાની ભાવનાને સપૂર્ણપણે જાળવીને ફતેહ મેળવવા સૌ આગળ ધપજો. સુરતના કલેક્ટર બ્રેહામ અને પો. સુપ્રિન્ટેન્ડન્ટ વિલ્સને ૫૦ સૈનિકોની મદદથી નાયડુની કૂચને અટકાવી ત્યારે સ્વયંસેવકોએ તકલી ચલાવી, મસલતમાં સરોજિનીએ જણાવ્યું કે અમે ભૂખ્યાં-તરસ્યાં અહીં પડ્યા રહીશું. અહીંથી હટવાના નથી. ૧૯ કલાકના અંતે સ્વયંસેવકોને જમવા મળ્યું.

૧૬મીની સવારે ઉત્તર જિલ્લાના કમિશનર શ્રી ગેરેટે, ધરાસણાં આવીને સંઘની કહેવાતીપરપકડ કરીને છોડી મૂક્યાં. ૧૭મીએ નાયડુના સંઘે ધરાસણાના અગર પર સામુદાયિક હલ્લો કર્યો. સરકારે અગરનું મીઠું એકઠું કરીને જિલ્લાના કહેવાતા સ્ટોરમાં મૂકી કાંટાની વાડને ૪૦૦ પોલીસથી રક્ષણ કર્યું. ત્યારે સ્વયંસેવકોએ મૅજિસ્ટ્રેટના હુકમને અવગણીને હલ્લો કર્યો. પોલીસના અમાનુષી વર્તનથી ઘણાને ઈજા થઈ. સાંજે ૭ વાગ્યે સ્વયંસેવકોએ ફરી હલ્લો કર્યો. સરકારે ૧૯મી એ સ્વયંસેવકોની હકાલી કરી. સુરતની ટુકડીએ મીઠાના અગરમાંથી મીઠું મેળવ્યું, ત્યારે પોલીસના અમાનુષી લાઠીમારથી થવાયેલા સત્યાગ્રહીની ગંભીર હાલત જોઈને મીઠાનો કબજો લેવા માટે ૨૧મીએ સૈનિકોની મોટી સંખ્યા સાથે ધરાસણાના અગર પર મોરચો લઈ જવાની ગોઠવણ થઈ.

ઈમામ સાહેબના નેતૃત્વ હેઠળ નરહરિ પરીખ, મણિલાલ ગાંધી, પ્યારેલાલ, ૨૧મી મેથી સવારે ૬-૧૫ કૂચ કરી ધરાસણાના અગર પર બે ભાગમાં ટુકડી વહેંચાઈ. પ્રથમ ટુકડી પર અમાનુષી લાઠીમાર કર્યો. ત્યારે ઝવેરચંદ મેઘાણીએ 'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે, ગોત જેનો હૂબહૂ ચિતાર ત્યાં હતો. આ છે સર જાવે તો જાવે પર આઝાદી ઘર આવે - સૂત્ર પોકાર્યું. સરોજિની કૂચમાં નહોતા પરંતુ લડાઈ મેદાન આંટિયામાંથી તેમની ધરપકડ થઈ. મોરચામાં સત્યાગ્રહીઓની હાલત દાનવના દિલ પીગળે તેવી હતી. બચેલા સંઘે કૂચ કરી તો તેમને ધરાસણાથી હદ બહાર કર્યા. છાવણીમાં મેદાનનાં સત્યાગ્રહીઓએ સરકારનો સિતમ સહન કર્યો. આગેવાનોને ૬ માસ અને અન્યને એક માસની સજા થઈ. કેટલાકને વરણી જેલમાં મોકલવામાં આવ્યા.

૨૨મીના હલ્લામાં પોલીસના બેસિતમ મારથી બોરસદ તાલુકાના પાળજ ગામના ભાઈલાલ હાજીભાઈ શહીદ થયા. ધરાસણાની લડતમાં સૈનિકોએ કમર કસીને ઝૂકાવ્યું. અમલદાર ઈસ્માઈલ દેસાઈએ ૨૦ પોલીસો સાથ આવીને મહત્ત્વના કાગળો જપ્ત કર્યા. નરહરિભાઈને ગિરફતાર કર્યા. છાવણીની જવાબદારી અંબાલાલભાઈએ લીધી. ૨૫મીએ અંબાલાલ તથા ડૉ. ત્રિભોવનદાસની ધરપકડ થઈ, છતાં સત્યાગ્રહીઓએ કૂચની તૈયારી સાથે ત્યાં જ રહ્યાં. ૨૫મીએ મુનિ જિનવિજયજી શેઠ રણછોડભાઈએ ૫૦ સત્યાગ્રહીઓની ટુકડી લઈ અમદાવાદથી ધરાસણા જતાં બારેજડીના સ્ટેશને તેઓની ધરપકડ થઈ તે જ દિવસે બ્રેહામે જાહેર કર્યું જે જમીન પર છાવણી છે તે જમીનનો ઉપયોગ સરકારની મંજૂરી વગર ખેતી સિવાયના કામમાં થયો હોવાથી જમીન મહેસૂલના કાયદા અન્વયે ખાલસા કરીને ધરાસણાની છાવણીને ખતમ કરવાનો આદેશ આપ્યો. બે કલાકમાં છાવણી ખતમ. ઠક્કરબાપાની હાજરીમાં અમલદાર ગેરેટે સૈનિકો પર મોટર ચલાવવાનો હુકમ આપ્યો ! પરંતુ તેમ ન કરતાં સૈનિકોને ઘસડીને બહાર કાઢ્યા. છતાં ખુલ્લા મેદાનમાં સત્યાગ્રહી સૈનિકો સૂઈ રહ્યાં. છાવણીના છાયાબહેને સિવિલ સર્જન કર્નલ કામટે વલસાડની હૉસ્પિટલમાં લઈ જવાની સગવડ કરવા જણાવ્યું છતાં વ્યવસ્થા ન થતાં, છાવણીના સ્વયંસેવકોએ ગામના ગાડામાં સ્વયંસેવકોને લઈ જતા હતા, ત્યારે પોલીસે ત્યાંના ગાડામાં ઘાસ અને સામાન ઉઠાવી ગયા. સરકારે ઊંટડી, ડુંગરી, ધરાસણા, છરવાડા, ઉમરસાડી ગામોમાં ૧૪૪ની કલમ લાગુ કરી. ડુંગરીના સ્ટેશને લશ્કરનો પહેરો હતો. બીજી બાજુ ૨૭મીએ પુરાતન બુચની ટુકડીની ગિરફતારી થઈ. ઊંટડીની છાવણીમાંથી પોલીસે પહેરો ઉઠાવતા સત્યાગ્રહીઓ ૨૭મીએ ત્યાં રહ્યાં.

અમદાવાદથી બળવંતરાય ૩૪ સૈનિકો સાથે ઊંટડીની છાવણીમાં આવ્યા. તમામની ધરપકડ કરીને છાવણીની હદ બહાર મૂક્યાં. ડુગરી અને બોરસદની ટુકડી ત્યાં આવી ત્યારે ધરાસણા જવાના બહાને અહીંયાં તમામને ગિરફતાર કર્યા એક ટુકડીને સુરત અને બીજી ટુકડીને મુંબઈ રવાનાકરી. સરકારની ખાણીપીણીની વ્યવસ્થા વગર ભૂખ્યા સત્યાગ્રહીઓએ સુરતની ટુકડી બિલીમોરાથી ઊંટડીની છાવણીમાં મુંબઈ ગયેલી ટુકડી વલસાડની છાવણીમાં જોડાઈ. ઊંટડીની છાવણી તૂટતાં વલસાડ, ભાગડી, ભદેલી, બિલીમોરાની નવી છાવણીઓ બની. યુવાનોની ભરતી, મહાજનોની નાણાકીય મદદ, બહેનોની સેવા જોઈ સરકારે ગાંડીતૂર બનીને પશુતા બતાવી.

વિલેપારલેમાં સ્થાયી આનંદાનંદ ગિરફતાર થતાં રોક અબ્દુલ્લાભાઈની ટુકડીએ છરવાડમાં ૧૪૪ની કલમનો તા. ૨૮મીએ ભંગ કર્યો. ૨૯મીએ ધરાસણાના મોરથા વખતે અમલદારના મૂઢમારથી શેઠ ઢગલો થયા રાજારામ કૉલેજમાં અધ્યાપક મોહનલાલને પોલીસ માર મારીને ડુંગરી સ્ટેશને લઇને વલસાડ છોડયા. ધરાસણાની સડકો પર સફેદ ટોપીધારી જઈ શકશે નહીં તેવું સરકારી ફરમાન થયું.

૩૦મીએ ૧૧૧ સત્યાગ્રહીઓની ટુકડી (ઊંટડી) ધરાસણા નજીક આવી. ત્યારે સાર્જન્ટોના મૂઢ મારથી ૨૯ થવાયા. ૩૧મીએ સરકારે છાવણીઓમાં વર્તમાનપત્રના પ્રતિનિધિઓ, પ્રેક્ષકો પર ઘોડા દોડાવ્યા. સત્યાગ્રહીઓને કાંટાળી વાડમાં નાંખ્યા. અમદાવાદ, વીરમગામ, ખેડા, ભરૂચની ટુકડીઓએ ૧લી જૂને અમલદાર ઈસ્માઈલ દેસાઈની આગેવાની નીચે પોલીસોએ લાઠીમાર કર્યો.

૩જી જૂને ભરૂચ, અમદાવાદ, પંચમહાલ, ખેડા, સિંધના ૧૨૬ સત્યાગ્રહીઓના નિરીક્ષક આગેવાનો, નટરાજન, ઠક્કરબાપા, હુસેન તૈયબજી, દેવેશ્વર, સોસિયેટ પ્રેસના પ્રતિનિધિઓને ગોરા સાર્જન્ટે અપમાન જનક શબ્દો કહી દૂર કર્યા. ૬ઠ્ઠી જૂનના રોજ ઊંટડીના ૧૩૫ની ટુકડીની ધરાસણા જવા નીકળી, ત્યારે સરકારે એ જ નીતિ અપનાવી. તેમના સાક્ષીઓ મુકુન્દ, માલધર, રાજેન્દ્રલાલ હતાં.

અમદાવાદના શેઠ રણછોડભાઈએ રણશિંગું ફૂંકયું, ધરાસણાના છેલ્લા હલ્લામાં સેંકડો લોકો એકઠા થયા સ્વરાજપ્રાપ્તિ સાથે સરકારી અમલદારો અમાનુષી રીતે ક્રૂર પાતક પ્રહારો કર્યા. નરહરિભાઈની ધરપકડ પછી વર્ષાઋતુ નજીક આવતી હોવાથી છગનભાઈએ ધરાસણાની લડત મોકૂફ રાખતું જાહેરનામું બહાર પાડયું.

સરકારે લડતને ડામવા માટે સુરત, બારડોલી, જલાલપોર, વલસાડમાં પોલીસ વ્યવસ્થા કરી ૫મીના રોજ ગાંધીજીની ધરપકડ કરીને યરવડા જેલમાં મોકલ્યા.

ધરાસણાના અગરો પર સરકારી અને ખાનગી અગિયારી મીઠું પકવતા સરકારની ચાંપતી નજરના કારણે મીઠું પકવવાનું બંધ રહ્યું. સુરતના ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ જુવેલ અને આંટિયા, મુંબઈ, કસ્ટમ ખાતાના અધિકારી શોર્લી, પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ હોર્લેન્ડ સાત ગોરા કસ્ટમ ઈન્સ્પેક્ટરો ૨૦૦ પોલીસો તાર-સંદેશા સગવડ આંટની ખાડીનું પાણી સરકારે બગાડ્યું. અમલદારો માટે કડક નિયમો કર્યાં છતાં સત્યાગ્રહીઓએ શૂરવીરતા દાખવીને સરકારની સામે લડ્યાં.૦

ધરાસણા લડત વખતે કેશવ શેઠે 'વિપરીત બુધ્દ્ધિ' (સરકારની) રાષ્ટ્રધ્વજ અને રણટેકાનું પ્રજા માટે ગીત રચ્યું. સ્નેહરશ્મિએ 'રણચંડી જો જાગે' 'મેધાણીએ, કોઈના લાડકવાયાના ગીતો' રચ્યાં. સુરતના પ્રીતમલાલે ગીત રચ્યું, 'સ્ત્રીપદ ફાડયું ભારતના કાયરો."

→ થીગડું ક્યાં થાશે ?

૧૯૩૧માં ગાંધી, ઈરવિન સમજૂતી દ્વારા આ લડત થોડા સમય માટે સ્થગિત થઈ. ૧૯૩૨માં સવિનય કાનૂનભંગની લડત ફરી ચાલુ થઈ, પરંતુ સરકારના દમનકારી પગલાનાં લીધે ૧૯૩૪માં બંધ રાખી. કૉંગ્રેસે ખેડૂતોની માંગો અને સરકારી નીતિમાં પરિવર્તન આવે માટે મંત્રીમંડળોની119

સ્થાપના કરી. દેશવ્યાપી આંદોલન ચલાવવા માટેની તૈયારી કરી. ત્યારે સુરત જિલ્લાના ઈરુપરામાં વિઠ્ઠલનગરમાં ભરાયેલું ૫૧મું અધિવેશન એ ગુજરાતમાં ભરાયેલું ચોથું અધિવેશન ૧૯૩૮માં ફેબ્રુઆરીની ૧૯ તારીખે શ્રી સુભાષચંદ્ર બોઝના પ્રમુખ પદે ભરાયું." તેની વ્યવસ્થાનું કામ કાનજીભાઈ દેસાઈની દેખરેખ નીચે થયું ત્યારે કામચલાઉ પુલ બીલીમોરાના શ્રી મગનભાઈ કન્ટ્રાક્ટરે બાંધ્યો.

પ્રમુખના ભાષણમાં બ્રિટિશ હિન્દમાંથી સરકારની નીતિ દેશ-પરદેશમાં વસતા હિન્દીઓની સ્થિતિ બ્રિટિશરોની પકડ, રાજકીય સુધારા, પ્રધાનમંડળની રચના, પ્રધાનમંડળની જવાબદારી અંગે વાઇસરોય અને ગર્વનરે આપેલી બાંયધરી તેના ભંગની વિગતો દેશી રાજ્યોની પ્રજાના જવાબદાર રાજ્યતંત્ર મેળવવાના અધિકારો અને તે માટેની પ્રજાની ચળવળ તરફ સહાનુભૂતિ બતાવીને તે અંગેની કોંગ્રેસની નીતિ સ્પષ્ટ કરી.

આ અધિવેશનમાં ગાંધીજીની સૂચનાથી આ ઠરાવ પસાર થયો. પરદેશમાં વસતા હિન્દીઓ અંગેનો વિદેશનીતિ અને યુદ્ધના ભય વિશેનો હિન્દમાં ફેડરેશન રચવાની માલની વિચારણા અંગેનો રાષ્ટ્રીય શિક્ષા, ખાસ બિહારમાં આપેલી ગવર્નરની બાંયધરીઓનો કરેલો ભંગ મુખ્ય હતો.

આ ઉપરાંત દેશી રાજ્યાં પ્રત્યે કોંગ્રેસની નીતિની સ્પષ્ટતા કરતો એક ઠરાવ, કેન્યાના હિન્દીઓ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. કોંગ્રેસના બંધારણમાં ફેરફાર કરવા માટે એક સમિતિ નિમવામાંના કુલ ૨૦ ઠરાવ પસાર કર્યાં.

આ ચોથું અધિવેશન સમગ્ર હિન્દની પ્રજાને પ્રેરણા સંદેશો આપતું ગુજરાતમાં ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પૂરું થયું.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતની સહાનુભૂતિ મેળવવા માટે ક્રિપ્સ મિશન ભારત આવ્યું. હિન્દને ડોમિનિયમ સ્ટેટસ આપવાની લાલચ યુદ્ધ સમાપ્ત બાદ આપવામાં ભારતની સીમાઓ પર મંદીનું વાતાવરણમાં ગાંધીજીએ મુંબઈની કોંગ્રેસની બેઠકમાં 'ભારત છોડો' જવાનું કહ્યું. આઠ ઑગસ્ટ ૧૯૪૨ના રોજ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ ભારત છોડો પ્રસ્તાવ પસાર કર્યો.

અંગ્રેજોને ભારતને ભગવાન ભરોસે છોડી જવાનો આદેશ આપ્યો. 'કરો યા મરો'નું સૂત્ર આપ્યું.

ત્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લા તાલુકા અને ગામોમાં નવસારી, ભરૂચ, ડાંગ, જંબુસર, સુરત, વલસાડ, ચિખલી, ધરમપુર, માંડવી વગેરે વિસ્તારોના લોકોએ સરકારી ઈમારતો, પોલીસ થાણા, પોસ્ટ ઑફિસો, રેલવે સ્ટેશનો પર હુમલા તોડી પાડવા, ટેલિફોન તારના દોરડા તોડવા, વીજળીના તારો કાઢવા, પુલો-સડકોનો નાશ કરવો. મજૂરોએ હડતાલો પાડવી, વગેરે પ્રવૃત્તિ તથા પત્રિકાઓ પહોંચાડવી જેમાં સ્વરાજ, ઈન્કલાબ, વિદ્યાર્થી પત્રિકાઓ બહાર પાડતાં બહેનો-લોકો સુધી પહોંચાડીને કિસાનોએ પણ આંદોલનમાં ફાળો આપ્યો.

દક્ષિણ ગુજરાતમાં નામી અનામી અનેક નેતાઓનાં ભોગે ૧૪ ઑગષ્ટ ૧૯૪૭ની મધ્યરાત્રીએ ભારત આઝાદ થયું.૪સંદર્ભ સૂચિ

(૧) રસેશ જમીનદાર ૧૯૮૫, સ્વાધીનતા સંગ્રામમાં ગુજરાત, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ, પૃ. ૫ થી ૨૫.

(૨) ધરૈયા રમણલાલ ક. ૧૯૮૮, આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ-૧ (૧૮૮૫-૧૯૧૯) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુ.રા. અમદાવાદ, પૃ. ૧૧૬.

(૩) માહિતી ખાતું ૧૯૬૯, સ્વાતંત્ર્ય સંગ્રામના ઘડવૈયા, માહિતી ખાતું ગુજરાત રાજ્ય સરકાર અમદાવાદ. પૃ. ૧૨૬ થી ૨૨૪.

(૪) દેસાઇ ઈશ્વરલાલ ઈ. ૧૯૭૫, સ્વાતંત્ર્ય-સંગ્રામ, સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, સુરત, પૃ. ૫૬ થી ૮૦

(૫) દેસાઇ ઈશ્વરલાલ ઈ. ૧૯૭૩, આઝાદીના ઘડવૈયા સુરત જિલ્લા ઇતિહાસ સમિતિ, સુરત, પૃ. ૮૯ થી ૧૮૪.

(૬) એજન પૃ. ૧૯૬થી ૨૧૩.

(૭) દેસાઇ ધીરુભાઇ મ., - ૧૯૮૯, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ચીખલી તાલુકો સ્વાતંત્રત્ર્ય સંગ્રામ સમિતિ. પૃ. ૪૯થી ૭૦.

(૮) દેસાઇ ઈશ્વરભાઈ ઈ. ૧૯૭૨, દાંડીયાત્રા સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, સુરત પૃ. ૧૩ થી ૪૦.

(૯) દેસાઇ ઈશ્વરભાઈ ઈ. ૧૯૭૩, ધરાસણાની શૌર્યગાથા, સુરત જિલ્લા ઇતિહાસ સમિતિ, પૃ. ૮૫ થી ૧૨૫.

(૧૦)દેસાઇ ઈશ્વરભાઈ ઈ. ૧૯૬૯, લડતનાં ગીતો, સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, સુરત, પૃ. ૩૫, પૃ. ૫૯, ૭૯.

(૧૧)પટેલ મણિબેન ૧૯૭૨ બારડોલી સત્યાગ્રહ સુરત, જિલ્લા ઇતિહાસ સમિતિ, પૃ. ૩૫.

(૧૨)સંપાદક : દેવકુલ નંદલાલ ૧૯૭૩ બૃહદ્ ગુજરાતની અસ્મિતા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃ. ૧૨૬.

(૧૩) પરીખ નરહરિ ૧૯૭૦ સરદાર વલ્લભભાઈ પટેલ ભાગ-૧-૨, ગુર્જર ગ્રંથરત્ન અમદાવાદ, પૃ. ૬૯.

( ૧૪)ભટ્ટ ચંદ્રશંકર

૧૯૯૨ સ્વરાજ અમદાવાદ પૃ. ૨૩૮. ક્રાન્તિની સુવર્ણગાથા, નર્મદા પ્રકાશન